# ગાંધીનગર મહાનગરપાલિકા

**પંડિત દિનદયાળ ઉપાધ્યાય ભવન,**

**ફાયર સ્ટેશનની પાછળ, સેક્ટર–17,**

**ગાંધીનગર–382016**

**ટેન્ડર ડોક્યુમેન્ટ ::**

**વર્ષ :– ૨૦૨૪–૨૫**

**ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નિક્ષય કીટ સપ્લાય કરવા બાબત.**

**ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નિક્ષય કીટ સપ્લાય કરવા બાબતે એજન્સીની લાયકાત ફોર્મ:-**

**(ઈજારદારશ્રીએ નીચે માંગવામાં આવેલ દસ્તાવેજો ટેન્ડર કવર –એ માં મુકવાના રહેશે.)**

| ક્રમ નંબર | વિગત | દસ્તાવેજની વિગત | જરૂરી ડોક્યુમેન્ટ બીડેલ છે કે કેમ | બીડેલ ડોક્યુમેન્ટ ના પાના નં. |
|---|---|---|---|---|
| ૧. | ટેન્ડર ફી. રુ.૧૭૭૦/– (રુ.૧૫૦૦ + ૧૮% જી.એસ.ટી. રુ.૨૭૦/– = રુ.૧૭૭૦/–) નો ડી.ડી. (જો કોઈ ઈજારદારશ્રીને ટેન્ડર ફી માં મુકિત મળવાપાત્ર હોઈ તો Gujrat state procurement policy-2024 માં જણાવ્યા મુજબના આધારપુરાવા રજુ કરવાના રહેશે. ) | | | |
| ૨. | ઈ.એમ.ડી. રૂ.૧૫,૦૦૦/-ડી.ડી. /એફ.ડી.આર (જો કોઈ ઈજારદારશ્રીને ઈ.એમ.ડી. માં મુકિત મળવાપાત્ર હોઈ તો Gujrat state procurement policy-2024 માં જણાવ્યા મુજબના આધારપુરાવા રજુ કરવાના રહેશે. ) | | | |
| ૩. | ટેન્ડર ભરનાર એજન્સી નું નામ તથા સરનામું | | | |
| ૪. | ટેન્ડર ભરનાર એજન્સી ની કોન્ટેક્ટ ડીટેલ મોબાઈલ નંબર :– | | | |
| | ઈ–મેઈલ આઈ.ડી :– | | | |
| ૫. | માલિક/અધિકૃત વ્યક્તિના આધાર કાર્ડ ની નકલ | | | |
| ૬. | PAN નંબર ની નકલ | | | |

**ટેન્ડર ભરનારની સહી/સિક્કો**

# નિક્ષય કીટમાં આવતી ચીજવસ્તુઓનું પત્રક

| Sr.no. | Details | Qty. |
|---|---|---|
| 1 | બાજરી | 3 kg |
| 2 | ઘઉં | 3 kg |
| 3 | ચણા | 1 kg |
| 4 | મગની દાળ | 1 kg |
| 5 | દેશી ગોળ | 1 kg |
| 6 | ખાદ્ય તેલ | 1 litre |
| 7 | તુવેરદાળ | 01 kg |
| 8 | ચોખા | 01 kg |
| 9 | આયોડીનયુક્ત મીઠું | 1 kg |

નાયબ મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા

## ટેન્ડરની શરતો:-

૧. શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

૨. (i)ટેન્ડર કવરમાં કવર-એ માં લાયકાત ફોર્મમાં માંગેલ દસ્તાવેજો સીલબંધ કવરમાં મુકવાના રહેશે.
(ii)ટેન્ડર કવર બીમાં ટેન્ડર અન્વયે માંગેલ ભાવપત્રક સીલબંધ મુકવાના રહેશે. જે ઈજારદારશ્રી ટેકનીકલ ક્વોલીફાય થશે તેના ભાવપત્રક ખોલવામાં આવશે અને ક્વોલીફાય ઈજારદારશ્રીઓના ભાવપત્રક ખોલ્યા બાદ જે ઈજારદારશ્રીના ભાવ સૌથી ઓછા હશે તેને કામગીરી સોંપવામાં આવશે.

ટેન્ડર કવર-એ અને ટેન્ડર કવર-બી ને મુખ્ય કવર સીલબંધ કરી મુખ્ય કવર સ્ટોર શાખામાં મળે તે રીતે રજીસ્ટર પોસ્ટએડી અથવા સ્પીડ પોસ્ટથી અત્રેની કચેરીની સ્ટોર શાખામાં મોકલી આપવાનું રહેશે. મુખ્ય કવર ઉપર નીચે મુજબનું લખાણ સ્પષ્ટ શબ્દોમાં લખવાનું રહેશે.

વિષય:- ગાંધીનગર મહાનગરપાલિકા કચેરી ખાતે નિક્ષય કીટ સપ્લાય કરવા બાબત. (સ્ટોર શાખા )

૩. આ કામગીરી અંગેની ટેન્ડર ફીની રકમ ડી. ડી.થી અને ઇ.એમ.ડી.ની રકમ ડી. ડી./ એફ.ડી.આર થી ભરવાની રહેશે. જે " નાયબ મ્યુનિસિપલ કમિશનર, ગાંધીનગર મહાનગરપાલિકા " ના નામનો બનાવવાનો રહેશે. (જો કોઈ ઈજારદારશ્રીને ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. માં મુકિત મળવાપાત્ર હોઈ તો Gujrat state procurement policy-2024 માં જણાવ્યા મુજબના આધારપુરાવા રજુ કરવાના રહેશે. ).

૪. ટેન્ડરની કુલ રકમ રુ.૦૫ લાખની મર્યાદાનું છે. રુ.૦૫ લાખની મર્યાદામાં નિક્ષય કીટ તબક્કાવાર સપ્લાય કરવાના રહેશે.જે કચેરીની સુચના મુજબ તબક્કાવાર જણાવવામાં આવે તે સ્થળે સપ્લાય કરવાની રહેશે.

૫. ગાંધીનગર મહાનગરપાલિકાની જરૂરિયાત મુજબ તબક્કાવાર વર્કઓર્ડર આપવામાં આવશેઆવો તબક્કાવાર વર્કઓર્ડર આપ્યાથી દિન-૦૫ માં અથવા કચેરીની સુચના મળ્યા મુજબ જે વહેલા હોય તે મુજબ માલ પુરો પાડવાના રહેશે.નિક્ષય કીટ સ્પેશિફિકેશન મુજબ પુરી પાડવામાં નહીં આવે તો સ્વીકારવામાં આવશે નહીં . તબક્કાવાર ઓડરમાં જણાવેલ સમય- મર્યાદામાં માલ જેટલા દિવસ મોડો મળે તો એક દિવસના એક નંગ લેખે રૂ.૫૦૦/- લેખે પેનલ્ટી કપાત કરવામાં આવશે.આવી પેનલ્ટીમાં ઘટાડો કે મુક્તિ આપવી તેની સત્તા ગાંધીનગર મહાનગરપાલિકાની રહેશે.

૬. જે ઈજારદારશ્રીના ભાવો મંજુર થાય તે ઇજારદારે તબક્કાવાર આપેલ વર્ક ઓર્ડર મુજબ સામાન પુરો પાડવાનો રહેશે તેમજ પુરા પાડેલ માલ અંગે કોઇ ફરીયાદ ઉભી થાય તેવા સંજોગોમાં તાત્કાલિક માલ પરત લઈ બદલી આપવાનો રહેશે. ઇજારદારે કચેરી દ્વારા જણાવવામાં આવે તે જગ્યાએ માલનો જથ્થો પોતાના વાહનમાં પહોંચતો કરવાનો રહેશે.નિક્ષય કીટ ઉપર જે તે કચેરીએ સુચવ્યા મુજબ પ્રિન્ટ કરવાનું રહેશે. માલ સપ્લાય માટેનું ભાડું ચુકવવામાં આવશે નહીં. અને નિક્ષય કીટ સપ્લાય કર્યા બાદ બીલ ૨ કોપીમાં તથા તેના સાથે નિક્ષય કીટ સ્પેશીફિકેશન(નમુના) મુજબનો જથ્થો મળેલ છે તે મતલબનું જે તે ટી.બી શાખાનું નિયત નમુના મુજબનું પ્રમાણપત્ર, નિક્ષય કીટ સપ્લાય કર્યા અંગે સ્થળના GPS LOCATION સાથેના ફોટોગ્રાફ, ડીલીવરી ચલણ આપવાનું રહેશે. જે તમામ દસ્તાવેજો બીલ સાથે રજુ થયા બાદ જ બિલ ચુકવણા અંગેની કાર્યવાહી કરવામાં આવશે. જી.પી.એસ. વાળા ફોટોગ્રાફ બીલ સાથે રજુ ન કરવાના કિસ્સામાં જે તે નિક્ષય કીટનું પેમેન્ટ કરવામાં આવશે નહી.

૭. ટેન્ડર મંજુર કરવું ,નામંજુર કરવું અથવા એક કરતાં વધુ એજન્સીને કામગીરી સોંપવી તેમજ કામગીરીમાં તકરાર કે વાંધો ઉભો થશે તો આખરી નિર્ણય ગાંધીનગર મહાનગરપાલિકાનો રહેશે. અને આવા કિસ્સામાં ઇજારો કોઇ પણ જાતની નોટીસ આપ્યા સિવાય ઇજારો રદ કરી શકાશે .ઇજારાના સમયમાં કોઇ તકરાર ઉભી થશે તો કાનુની ન્યાય ક્ષેત્ર ગાંધીનગર રહેશે.

૮. ટેન્ડરમાં ઈજારદારશ્રીએ તમામ ટેક્ષ સાથેના ભાવ ભરવાના રહેશે.

૯. નિક્ષય કીટના તબક્કાવાર વર્ક ઓર્ડર આપવામાં આવે તો પણ ટેન્ડર ની શરતો મુજબ માલ સપ્લાય કરવાનો રહેશે.તબક્કાવાર આપવામાં આવેલ વર્ક ઓર્ડરના અનુસંધાને માલની ગુણવત્તા તેમજ માલ મોડો મોકલ્યો હોય તેવા કિસ્સામાં માલ સ્વીકારવો કે પરત કરવો કે પેનલ્ટી કરવી તથા અન્ય કોઈ પણ બાબતોમાં નિર્ણય કરવાની તમામ સત્તા ગાંધીનગર મહાનગરપાલિકાની રહેશે.

૧૦. જ્યારે ઈજારદાર અને મહાનગરપાલિકા વચ્ચે કોઈપણ મુદ્દે વિવાદ, ગેરસમજ કે Dispute થાય ત્યારે સૌપ્રથમ આર્બીટ્રેશન મારફત તકરારનો નિકાલ કરવાનો રહેશે.

૧૧. ઈજારદારશ્રીએ ઓફલાઈન ડોક્યુમેન્ટ આપવાના રહેશે.જેની છેલ્લી તારીખ તા.૨૫/૧૦/૨૦૨૪,સાંજે–૦૬:૦૦ વાગ્યા સુધી છે.ઈજારદારશ્રીએ ઓફલાઈન મોકલાવેલા ડોક્યુમેન્ટમાં માંગેલ લાયકાત ફોર્મ મુજબ ક્રમાનુસાર મોકલવાના રહેશે. જેમાં દરેક પાના ઉપર સહી અને સિક્કો તથા પાના નંબર આપવાના રહેશે. જો ફિજીકલી મોકલાવેલ ડોક્યુમેન્ટમાં માંગેલ લાયકાત ફોર્મ મુજબ ક્રમાનુસાર કે સહી અને સિક્કો તથા પાના નંબર આપેલ નહી હોય તો તે ઈજારદારશ્રીને ડિસક્વોલીફાય કરવામાં આવશે.

૧૨. સદર આઈટમો ખાદ્ય પદાર્થોની એક્સપાઈરીટી ડેટ પુર્ણ થયા પહેલાની સપ્લાય કરવાની રહેશે. વધુમાં સંલગ્ન હોઈ તેમાં કોઈપણ પ્રકારના કીડા , મકોડા, વાસી,જીવાત ન હોય તે મુજબની તકેદારી રાખી સપ્લાય કરવાની રહેશે.

૧૩. સદર આઈટમો ખાદ્ય પદાર્થોથી કોઈપણ પ્રકારની શારીરીક સ્વાસ્થ સંબંધિત તકલીફ ઉભી થશે તો તે અંગેની તમામ જવાબદારી સપ્લાય કરનાર ઈજારદારશ્રીની રહેશે.

૧૪. નિક્ષય કીટ સપ્લાય બાબતે તમામ આઈટમોને ગાંધીનગર મહાનગરપાલિકા કચેરીએથી સુચના આપવામાં આવે તે મુજબ પ્રીન્ટીંગ અને પેકીંગ કરી તેને બોક્ષમાં આપવાની રહેશે. વધુમાં જે અંગે ટી.બી.શાખાની સુચના મુજબ કામગીરી કરવાની રહેશે.

૧૫. તબક્કાવાર આપવામાં આવેલ ઓર્ડરમાં નિક્ષય કીટનું સેમ્પલ ટી.બી.શાખા મારફતે ચકાસણી કર્યા બાદ તેનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ જ નિક્ષય કીટ સપ્લાય કરવાની રહેશે.

ઉપરોક્ત અનુંક્રમ. ૧ થી ૧૫ શરતો વેપારીને માન્ય હોય તો જ ટેન્ડરમાં ભાવો ભરવાના રહેશે. અને તે મતલબનું બાહેધરીપત્રક નીચે જણાવ્યા મુજબ આપી તેમાં સહી સિક્કા કરવાના રહેશે.

## બાહેધરીપત્રક

ઉપરની શરતો મેં વાંચીને સમજી છે અને મને સંપૂર્ણપણે માન્ય છે. તેમજ તમામ શરતો આધીન રહીને માલ પૂરો પાડવાની બાહેધરી આપીએ છીએ. સપ્લાય ઓડર મુજબનો માલ પુરો પાડી ન શકીએ તો ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા અમારી વિરૂદ્ધ જે પગલાં લેવામાં આવશે તે અમોને બંધનકર્તા રહેશે. જેની અમો લેખિતમાં આ બાહેધરી આપીએ છીએ.

ટેન્ડર ભરનારની સહી/સિક્કો

# ભાવપત્રક (ઓફલાઈન ભરીને બંધ કવરમાં આપવું)

**(ઈજારદારશ્રીએ નીચે માંગવામાં આવેલ દસ્તાવેજો ટેન્ડર કવર –બી માં મુકવાના રહેશે.)**

| ક્રમ | વિગત | ૦૧ કીટનો તમામ ટેક્ષ સાથેનો ભાવ |
|---|---|---|
| ૦૧ | ન્યુટ્રીશન કીટ | |

**ટેન્ડર ભરનારની સહી/સિક્કો**